ઈડર ખાતે પુસ્તક વિમોચન કાર્યક્રમ યોજાયો

જયેન્દ્ર સુથાર લેખિત 'સંસ્કાર સરિતા ' પુસ્તકનુ વિમોચન કરવામા આવ્યુ : ડા.રસિકભાઇ પરમારના હસ્તે પુસ્તક વિમોચન કરવામા આવ્યુ

સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે જયેન્દ્રસુથાર લેખિત 'સંસ્કાર સરિતા' પુસ્તક નુ સાબરકાંઠા ના જાણીતા સાહિત્યકાર , મોટી વેશનલ સ્પીકર અને યોગ ચિકિત્સક ડા.ડા.રસિકભાઇ પરમાર ના હસ્તે કરવામા આવ્યુ. મહર્ષિ શ્રી અરવિંદ ઘોષ ની ૧૫૦ મી જન્મજયંતી ઉજવણી અને પુસ્તક વિમોચન નો સંયુક્ત કાર્યક્રમ ઈડરના અરવિંદ કેઇડર ખાતે યોજાયો હતો જેમા જયેન્દ્રસુથાર લેખિત 'સંસ્કાર સરિતા' નામના પુસ્તક નુ સાબરકાંઠા ના જાણીતા સાહિત્યકાર, મોટી વેશનલ સ્પીકર અને યોગ ચિકિત્સક ડા.રસિકભાઇ પરમાર ના હસ્તે કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે ઈડર નગરપાલિકાના પ્રમુખ જયસિંહ તંવર, ઈડર કોલેજના વાઇસ પ્રિન્સીપાલ જે.બી.દવે, સિનિયર સિટીઝન ફેડરેશનના પ્રમુખ મધુસૂદનભાઇ ખમાર તથા શારદા હાઇસ્કુલના પ્રિન્સીપાલ ગૌતમભાઇ ભટ્ટ સહિત પુસ્તકપ્રેમીઓ સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લામાં હિટવેવની અસરથી વડવાઘોલનું અસ્તિત્વ જોખમાયું

આગ ફૂંકતી ગરમીથી અસંખ્ય વડવાઘોલના મોતની આશંકા

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં હિટવેવનું મોજુ ફરી વળ્યું છે. કાળઝાળ ગરમીથી જનજીવન હચમચી ગયા પછી હવે વડલા ઉપર રહેતી વડવાઘોલની પ્રજાતિનું અસ્તિત્વ જોખમાયું છે. ગરમીનો પારો ઉંચકાતાં નિશાચર પક્ષી વધુ ગરમી સહન ન કરી શકતાં અસંખ્ય વડવાઘોલના મોતની આશંકા સેવાઈ રહી છે. ગ્રામ્ય વિસ્તારના વડલાઓ ઉપર દિવસ દરમ્યાન ઉંધા માથે લટકતી વડવાઘોલના ટપોટપ ગરમીથી મોત નિપજી રહ્યાં છે છતાં આશ્ચર્ય વચ્ચે ક્યાંય તેની નોંધ લેવાતી નથી. તાપમાનનો પારો ઉંચકાતાં ખાસ કરીને વૃક્ષો ઉપર રહેતા પક્ષીઓની હાલત કફોડી બની છે. ગરમીથી બચવા માટે કાળા માથાનો માનવી હાથવગા ઉપાયો અચૂક અજમાવતો હોય છે. પરંતુ અબોલ પ્રાણીઓની સ્થિતિ દયનીય બની જતી હોય છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાય સમયથી વડવાઘોલની સંખ્યામાં ચોકાવનારો ઘટાડો થયા પછી હવે કાળઝાળ ઉનાળો વડવાઘોલ માટે આત્મઘાતી બની શકે છે. વડવાઘોલ નિશાચર પક્ષી હોવાના કારણે રાત્રે જ ખોરાકની શોધમાં નિકળતું હોય છે અને દિવસભર વડ સહિતના ઉંચા વૃક્ષો ઉપર ઉંધા માથે લટકતું રહેતું હોય છે. સુર્યનાં દેહદઝાડતા કિરણો સીધા વડવાઘોલ ઉપર પડવાના કારણે ગરમીમાં અસ્તિત્વ ટકાવી રાખવું નિશાચર પ્રાણી માટે મુશ્કેલ બની ગયું છે. કેટલાક વિસ્તારોમાં તો હિટવેવની અસરથી વડવાઘોલના મોતના છૂટાછવાયા બનાવ સાંભળવા મળી રહ્યા છે. પ્રાણી સંગ્રાહલયમાં પશુ-પક્ષીઓને ગરમીથી રક્ષણ આપવા માટે પાંજરામાં ઠંડક આપતા ઉપકરણો ગોઠવવામાં આવતાં હોય છે પરંતુ કુદરતી વાતાવરણમાં વૃક્ષો ઉપર આશરો લેતા પશુ-પક્ષીઓની સ્થિતિ અત્યંત કફોડી બની રહી છે. ખાસ કરીને વર્તમાન ગરમીના માહોલમાં વડવાઘોલ માટે ગરમી સહન કરવી અત્યંત મુશ્કેલ હોવાનું પક્ષી વિદો જણાવી રહ્યા છે.

સાબરકાંઠા-અરવલ્લીમાં બરફ-ગોલા બિમારીના ગોળા બનવાની દહેશત

બિન આરોગ્યપ્રદ બરફ-ગોલાથી બાળકોનું આરોગ્ય જોખમાય તેવી સ્થિતિ

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઉનાળાના આરંભ સાથે બિનઆરોગ્યપ્રદ બરફ-ગોલાનો વેપલો શરુ થયો છે. ગુણવત્તા વગરના ઠંડા પીણાં પણ બેરોકટોક વેચાઈ રહ્યા છે. બરફ-ગોલામાં એસેન્સ તેમજ હાનિકારક કલર ચાસણીનો ઉપયોગ થઈ રહ્યો છે જેના કારણે બાળકોનું આરોગ્ય જોખમાઈ શકે છે. ફૂડ વિભાગ દ્વારા ખાદ્ય ચીજવસ્તુઓમાં ભેળસેળ પકડવા માટે દરોડાની કાર્યવાહી શરુ કરવામાં આવી છે. તંત્રની ચોકસાઈથી પ્રજાને અખાદ્ય ચીજવસ્તુઓ પધરાવનારા સાણસામાં જરુર આવ્યા છે. પરંતુ બિનઆરોગ્યપ્રદ બરફ-ગોલાના વેપલા સામે તંત્રએ ચુપકીદી સાધી લીધી છે. તાપમાનનો પારો ઉંચકાયા પછી બરફ-ગોલા અને ઠંડા પીણાંના વેચાણમાં ધરખમ વધારો થયો છે પરંતુ જન આરોગ્ય જોખમાયું છે. બરફ-ગોલા આકર્ષક રીતે તૈયાર કરવમાં આરોગ્યને હાનિકારક રંગો તેમજ એસેન્સનો ભરપુર ઉપયોગ થઈ રહ્યો છે જેના કારણે ખાસ કરીને બાળકોનું આરોગ્ય જોખમાઈ શકે છે. બિનઆરોગ્યપ્રદ બરફ-ગોલાથી અસંખ્ય બાળકો બિમારીમાં પટકાયા છે અને હજુ વધુ બાળકોનું આરોગ્ય જોખમાય તેવી દહેશત છે. એસેન્સના ભરપૂર ઉપયોગના કારણે બરફ-ગોલા આરોગ્યા બાદ ગળામાં ઈન્સેકશનની ફરીયાદો વધી છે ત્યારે ફૂડ વિભાગ પેકિંગ ચીજવસ્તુઓના સેમ્પલ લેવાની સાથે બિનઆરોગ્યપ્રદ બરફ-ગોલાના વેચાણ સામે પણ પગલા ભરે તે જરૂરી બન્યું છે.

શ્રી વી એસ શાહ પ્રા.શાળામાં બાલ શહીદ બલિદાનની રાષ્ટ્ર કથા યોજાઈ

આઝાદીના અમૃત વર્ષ ના ભાગરૂપે આઝાદી દરમિયાન તે સમયે બાળકોએ પણ દેશ ને આઝાદી અપાવવામાં ભાગ લીધો હતો. શહીદી પણ વહોરી હતી. તે ની કથા સ્વરૂપે શ્રી વી એસ શાહ શાળા શ્રી સરસ્વતી બાલમંદિર મંડળમાં સહિદ સ્મૃતિ ચેતના સમિતિ ના સંયોજક ધર્મેન્દ્ર પાઠક દ્વારા કરવામાં આવી. બાળકો દ્વારા આઝાદીમાં જે રીતે ભાગ લઈ ને શહીદ થયા હતા તેની વાત ગીત .કવિતા .કથા.રૂપે કરી હતી. તમને જણાવ્યું હતું કે આઝાદી વખતે જેઓ યુવા બાળકો આઝાદીના જંગમાં સામેલ થયા હતા તેની કોઈ કારણસર નોંધ પણ લેવાય નથી તેઓની અંજલિ આપતા સાથે બાળકોમાં પણ રાષ્ટ્ર પ્રત્યે પ્રેમ નિષ્ઠા અને દેશ માટે બલિદાનની ભાવના જાગે તેવા પ્રેરક પ્રસંગો કહી સભા ઉપસ્થિત બાળકોને મંત્રમુગ્ધ કર્યો હતો. આ કાર્યક્રમમાં સ્વદેશી જાગરણ મંચ મીડિયા સંયોજક. મંડળના પ્રમુખ નિલેશ જોશી. કિશોર કિશોર શુક્લ. રમણ સુતરીયા. આચાર્ય અને સ્ટાફ હાજર રહ્યો હતો.

અધિકારીઓનું નરોવા કુંજરોવા..

અરવલ્લીમાંથી પસાર થતી સુજલામ કેનાલમાંથી પાણી અદ્રશ્ય થવાની તૈયારીમાં, ખેડૂતોની ઉંઘ હરામ

૫૦૦ ક્યુસેક છોડાયેલું પાણી રોઝડ નજીકના સીમાડામાં આવતાં અદ્રશ્ય : ૮૦૦૦ હેક્ટરમાં ખેતી સૂકાઈ જવાની શરુઆત

બાયડ (બ્યુરો એફિસ) તા.૦૫

સુજલામ સુફલામ કેનાલમાં ભરઉનાળે તળીયું દેખાતાં સુજલામના સહારે ઉનાળુ ખેતી કરનારા ખેડૂતો છેલ્લા ૪ દિવસથી ચિંતિત બન્યા છે. કડાણા ડેમમાંથી ૫૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે પરંતુ તલોદના રોઝડ ગામના સીમાડામાં પાણી અદ્રશ્ય થતાં ખેડૂતોનું વાવેતર સૂકાઈ રહ્યું છે. જ્યારે વિભાગના અધિકારીઓનું નરોવા કુંજરોવા સામે આવ્યાં છે. પાણી ઓછું થતાં કમાન્ડ એરીયામાં ૮૦૦૦ હેક્ટરમાં ઉનાળુ ખેતી સૂકાઈ જવાની શરુઆત થઈ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ઓછા વરસાદના કારણે ખેતી ક્ષેત્રો ગંભીર ખતરો ઉભો થયો છે. જિલ્લાના જળાશયોમાં પાણીની ઓછી આવક હોવાના કારણે ઉનાળ ખેતી માટે પાણી છોડાયું નથી પરંતુ કડાણા ડેમમાં પાણીની ધોધમાર આવક નોંધાયા પછી ઉનાળામાં પણ સુજલામ કેનાલમાં ખેડૂતોને પાણી મળશે તેવી વિભાગ દ્વારા ઘોષણા કરાઈ હતી. ઉનાળો બરાબરનો જામ્યો છે ત્યારે સુજલામ કેનાલમાં કડાણા

ડેમમાંથી ૧૧૦૦ ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે જે બાયડ, ધનસુરા, તલોદ તાલુકામાં ૫૦૦ ક્યુસેક પાણીના આવરામાં ફેરવાયું પરંતુ આશ્ચર્ય વચ્ચે રોઝડ ગામના સીમાડામાં કેનાલમાં માત્ર આચમનરુપ પાણી હોવાથી ઉનાળુ ખેતી કરનારા ખેડૂતોની માઠી દશા બેઠી છે. સુજલામ કેનાલમાં ૧૧૦૦ ક્યુસેક પાણી છોડાય તો તલોદ ડીવીઝનના તાબામાં માત્ર ૫૦૦ સેકનો હેડ મળતો હોય છે પરંતુ ૫૦૦ ક્યુસેક પાણી છોડાતું હોય તો પાણીની આવક બંધ થઈ જાય છે તેવું તલોદ તાબાના ઈજનેરે જણાવ્યું છે. ત્યારે સવાલ એ થાય છે કે ૫૦૦ ક્યુસેક પાણી રસ્તામાં ક્યાં અદ્રશ્ય થઈ જાય છે..?? કેટલાક ખેડૂતોએ સુજલામ કેનાલમાંથી પાણી ચોરાતું હોવાની દબાતા સ્વરે ફરિયાદ શરુ કરી છે પરંતુ કોઈપણ ગામના ખેડૂત લેખિત ફરિયાદ આપવાનું ટાળી રહ્યો છે.

રીચાર્જ કેનાલ હોવાથી હેડ મળતો નથી..

- તલોદ વિભાગના એસ.ઓ. તેજસ પટેલે જણાવ્યું કે સુજલામ કેનાલ રીચાર્જ કેનાલ છે અને માત્ર ૫૦૦ ક્યુસેક પાણી છોડાયું હોવાથી હેડ મળતો નથી. હવે પાણી છોડાશે કે કેમ..?? તેની અમને પણ કોઈ સૂચના નથી જેથી અમો ખેડૂતોને પાણી અંગે કોઈ હૈયાધારણા આપી ન શકીએ.

દર ૩૦-૩૫ કી.મી. એ અધિકારીની બોલી બદલાય

સુજલામ કેનાલમાં કડાણા ડેમમાંથી ૧૧૦૦પાણી છોડાયું જે બાયડ તાલુકાના આંબાગામના સીમાડામાં ૫૦૦ક્યૂસેક પાણીમાં ફેરવાઈ રહ્યું છે. ત્યારબાદ આગળના વિસ્તારોમાં પાણી અદ્રશ્ય થતાં વિભાગના તલોદ, મોડાસા અને બાયડના અધિકારીઓ દ્વારા ધામણી, મોર નદીમાં તળાવ ભરવા માટે પાણી છોડાયું હશે તેવી પોતે સાંભળેલી વાતો કરી રહ્યા છે પરંતુ કોઈ અધિકારી પાસે પાણી કેમ ઘટ્યું..?? તેની ચોક્કસ વિગત નથી. ટૂંકમાં ૩૦-૩૫ કી.મી.એ સબડીવીઝન બદલાય તેમ અધિકારીઓની બોલી બદલાઈ રહી છે.

લખીપુર વડથલી નજીક પીવાના પાણીની તંગી વચ્ચે પાણીનો વેડફાટ

તંત્ર સામે સ્થનિકોમાં રોષ

મેઘરજ તા. ૪

મેઘરજના ગ્રામીણ વિસ્તારમાં સરકાર દ્વારા કરોડો રૂપિયા ખર્ચી પીવાના પાણી માટે

લાઈનો નાખવામાં આવી છે. પરંતુ મેન્ટેનન્સ અને કાળજીના અભાવે પાણીનો વેડફાટ થઈ રહ્યો છે.સોમવારે લખીપુર વડથલી નજીક લાઈનમાં ખામી સર્જાતા હજારો લીટર પાણીનો બગાડ થયો હતો.પરંતુ મૂંગા તંત્રના ધ્યાને ના આવતા પાણી વ્યર્થ ગયું હતું. ઉનાળાનો પ્રારંભ થતાં તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં પાણીની તંગી સર્જાવા માંડી છે. અને લોકો વેચાતી ટેંકરો પૈસા ખર્ચી મંગાવવા મજબુર બન્યા છે. તેવામાં આ રીતે પાણીનો વેડફાટ જોઈ ચોમેરથી તંત્ર સામે લોકોનો ફિટકાર વરસી રહ્યો છે.એસ કે યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારોમાં નાખવામાં આવેલી લાઈનોમાં છાસ વારે ખામીઓ સર્જાવાના બનાવો બની રહ્યા છે અને ઉનાળામાં અમૃત સમાન જળ નો વ્યય થઈ રહ્યો છે. સ્થાનિકો દ્વારા રીપેરીંગ માટે રજૂઆતો કરવામાં આવે છે પરંતુ તંત્રના બહેરા કાને લોકોનો અવાજ ના પહોંચતા હજરો લીટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે.અને ગ્રામીણ વિસ્તારની પ્રજા રૂપિયા ખર્ચી વેચાતું પાણી પીવા માટે મજબુર બની છે.

સ્થાનિક નેતાને ગરનાળા બનાવી રૂપિયા કમાવવામાં જ રસ

લખીપુર વડથલી નજીક લાઈન ના ખામી સર્જાતા હજારો લીટર પાણીની વેડફાટ થયો હતો. ત્યારે સ્થોનીકો દ્વારા પાણીના પાણીનો વેડફાટ અટકાવવા માટે રજૂઆત કરવામાં આવી હતી. પરંતુ આ વિસ્તાર એક નેતા ત્યાંથી પસાર થયાં પરંતુ વ્યર્થ જતું પાણી અટકાવવાની તસ્દી લીધી ના હતી.ત્યારે આ નેતાને ગરનાળા મંજુર કરાવી રૂપિયા કમાવવા સિવાય અન્ય કોઈ બાબતમાં રસ ના હોવાની બુમ ઉઠી હતી.પ્રજાની સેવા ના નામે નેતા બની પ્રજાની સમસ્યાને ધ્યાને ના લેતા અને મલાઈ ખાવામાં જ રચ્યા પચ્યા રહેતા નેતાઓને પ્રજા વચ્ચે જવામાં ફાંફા પડી રહ્યા હોવાની ચર્ચાઓ ચગડોળે ચઢી હતી.

અંતિમ મહિનામાં દસ્તાવેજ માટે હોડ જામી

સાબરકાંઠામાં માર્ચ મહિનામાં ૨૬૬૦ દસ્તાવેજ નોંધાયા : સરકારને સ્ટેમ્પ ડયુટી-નોંધણી ફીની છે ૬.૯૯ કરોડની તગડી આવક

બાયડ (બ્યુરો એફિસ) તા.૦૪

મંદી છે તેવું માનતા નહીં સાબરકાંઠામાં માર્ચ મહિનામાં

૨૫૯ દસ્તાવેજોની નોંધણી કચેરીમાં થઈ છે જેના પેટે સરકારની તિજોરીને રુ ૬,૯૯,૦૩,૭૩૭ રુ ની તગડી આવક થયાનું જાણવા મળ્યું છે. કોરોના પછી માર્ચ મહિનામાં થયેલા દસ્તાવેજોથી રીયલ એસ્ટેટ બજારમાં ફરીથી તેજીનો પવન ફૂંકાય તેવી આશા રખાઈ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર માર્ચ મહિનામાં સરકારી તંત્ર વધુ ને વધુ કામ આટોપવામાં પરોવાતું હોય છે. પરંતુ જિલ્લામાં મિલ્કત વસાવનારાઓએ ટેક્ષથી બચવા માટે કે અન્ય કારણોસર જમીન, દુકાનો, પ્લોટ ખરીદીને સરકારની તિજોરીને વધુ સમૃદ્ધ બનાવવાનો પ્રયાસ કર્યો હોય તેવું જણાઈ રહ્યું છે. મિલ્કત ધારકોએ તા.૧ થી ૩૧ માર્ચ દરમ્યાન હિંમતનગર, ખેડબ્રહ્મા, પોશીના, વડાલી, તલોદ, ઈડર અને પ્રાંતિજ ખાતેની દસ્તાવેજ નોંધણીની સબરજીસ્ટ્રાર કચેરીમાં ૨ ૫૯દસ્તાવેજોની નોંધણી કરાવતાં કચેરીનો સ્ટાફ અને અધિકારીઓ હાંફી ગયા હતા. જ્યારે દસ્તાવેજ નોંધણીથી દસ્તાવેજ ઉપર વાપરેલ સ્ટેમ્પ ડયુટીની સરકારને રૂ ૫,૯૦,૨૨,૭૬ ની આવક થઈ છે અને નોંધણી ફી પેટે રુ ૧,૦૮,૮૦,૯૭૧ ની આવક થયાનું સાબરકાંઠા જિલ્લાની તાબાની સબરજીસ્ટ્રાર કચેરીઓ દ્વારા જણાવાયું છે.

દસ્તાવેજની કરોડોની આવક

કચેરી	દસ્તાવેજ સંખ્યા	વાપરેલ સ્ટેમ્પ ડ્યુટી	નોંધણી ફી
હિંમતનગર	૧૩૮૫	રૂા.૨, ૯૯, ૭૬, ૯૨૮	રૂા.૫૪, ૧૫, ૭૧૦
ખેડબ્રહ્મા	૭૩	રૂા. ૨૩, ૬૯, ૬૫૮	રૂા. ૬, ૪૮, ૬૭૦
પોશીના	૧૭	રૂા. ૧, ૨૨, ૩૬૦	રૂા. ૩૫, ૯૮૦
વડાલી	૧૨૮	રૂા. ૧૪, ૩૫, ૬૯૦	રૂા. ૩, ૫૦, ૯૫૧
તલોદ	૩૩૯	રૂા. ૬૪, ૦૫, ૮૧૭	રૂા. ૧૬, ૦૦, ૩૨૦
ઈડર	૪૭૯	રૂા. ૭૭, ૨૦, ૪૯૮	રૂા. ૧૨, ૨૩, ૩૫૦

તંત્ર કુંભકર્ણની નિદ્રામાં - જિલ્લામાં ઉનાળાની સિઝનમાં કૃત્રિમ રીતે ફળ પકવવાનો કારોબાર ધમધમ્યો

ફળના વેચાણમાં ઉછાળો આવતાં જોખમી અખતરાં

બાયડ (બ્યુરો એફિસ) તા.૦૫

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં તાપમાનનો પારો ઉંચકાઈ રહ્યો છે તેમ સિઝનલ ફળના વેચાણમાં ઉછાળો આવ્યો છે. ફળની માંગને પહોંચી વળવા માટે હવે વેપારીઓ દ્વારા જોખમી એખતરા ફળ પકવવા માટે શરુ થયા છે. શહેરી વિસ્તારોમાં કાર્બટ તેમજ અન્ય પ્રવાહિ કેમિકલ દ્વારા કૃત્રિમ રીતે ફળ પકવવાનો કારોબાર ધમધમ્યો છે. પ્રજા સ્વાથ્યની જાળવણી માટે ફળ આરોગતી હોય છે પરંતુ જોખમી અખતરાને કારણે ધીમું ઝેર પેટમાં ઠલવાઈ રહ્યું છે. જિલ્લામાં ઉનાળો શરુ થયો ત્યારથી બજારોમાં સિઝનલ ફળોના વેચાણમાં ધરખમ વધારો થયો છે. દ્રાક્ષ, ચીકુ, શક્કરટેટી, તરબૂચ, કેળા, કેરી, મોસંબી સહિતના ફળના ઢગલા ખડકાયા પરંતુ છેલ્લા કેટલાક દિવસથી ફળની માંગને પહોંચી વળવા માટે કાચા ફળ પકવવા માટે વેપારીઓ દ્વારા માનવ આરોગ્યપ્રદ માટે જોખમી અખતરા શરુ કરવામાં આવ્યા છે. ફળના વેપારીઓ કાચાં ફળોને કાર્બટથી પકવી પ્રજાને પધરાવવામાં આવતા હોય છે જ્યારે દ્રાક્ષ તેમજ અન્ય ફળ ઝડપથી પાકે તે માટે પ્રવાહી કેમીકલનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ફળના

હોલસેલ વેપારીઓ માંગ વધતાંની સાથે કુત્રિમ રીતે ફળ પકવવાના કારોબારમાં રચ્યા-પચ્યા જણાઈ રહ્યા છે પરંતુ જવાબદાર તંત્ર ફળ પકવવાના ગોરખ ધંધાથી અજાણ હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. કાળઝાળ ગરમીથી બચવા માટે પ્રજા ઉંચી કિંમતે સિઝનલ ફળ ખરીદતી હોય છે પરંતુ એકુદરતી રીતે પકવવામાં આવતા ફળ આરોગવાથી પ્રજાનું આરોગ્ય જોખમાઈ રહ્યું છે. તાપમાનનો પારો જેમ ઉંચકાઈ રહ્યો છે તેમ તમામ પ્રકારના સિઝનલ ફળના વેચાણમાં ધરખમ વધારો થઈ રહ્યો છે જેના કારણે વેપારીઓ માંગને પહોંચી વળતાં ન હોવાથી કાચાં ફળ મંગાવી ગોદામોમાં કેમીકલથી ફળ પકવી નાના વેપારીઓને પહોંચાડી રહ્યા છે. ઉનાળાની શરુઆતથી જ ફળોમાં અકુદરતી રીતે પકવાની પ્રવૃત્તિએ જોર પકડ્યું હોવા છતાં જવાબદાર તંત્ર દ્વારા કોઈ અસરકારક કામગીરી કરવામાં આવી નથી જેથી જિલ્લાના બાયડ, મોડાસા, હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, તલોદ, પ્રાંતિજ સહિતના શહેરી વિસ્તારોમાં ફળના વેપારીઓ જોખમી અખતરા કરી ફળો પકવી રહ્યા છે.

હું મિટીંગમાં છું - જિલ્લા ફૂડ અધિકારી

કુત્રિમ રીતે ફળ પકવાના ચાલી રહેલા કારોબારમાં જિલ્લા ફૂડ અધિકારી બી.એમ.ગણાવાએ જણાવ્યું કે હાલ હું ગાંધીનગર મીટીંગમાં છું. જે કોઈ વિસ્તારની ફરિયાદ હશે તે જાણી પછી વિગતો આપી શકીશ.

બનાસ બેંકના ચેરમેનનો ચાર્જ વાઇસ ચેરમેને સંભાળ્યો

ચેરમેન અણદાભાઈ રાજીનામાથી વા.ચેરમેન પીરાભાઈ ઠાકોરને ચાર્જ સોપાયો

પાલનપુર તા. ૫

બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેન અણદાભાઈ પટેલે પાર્ટીના આદેશ થી ત્રણ માસના ટૂંકા સમયગાળામાં ચેરમેન પદે થી રાજીનામુ આપી દેતા બનાસબેંક ના વાઈસ ચેરમેન પીરાભાઈ ઠાકોરને ચેરમેન પદનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,જોકે બનાસબેંક ના ભાવિ ચેરમેનને લઈ લોકોમાં અનેક નામો ની ચર્ચા ચાલી રહી છે ત્યારે ભાજપ બનાસબેંક ની સુકાન કોના હાથ માં સોંપે છે તે જોવું રહ્યું.

ભિલોડા માર્કેટિંગ યાર્ડમાં ધઉંની અધધધ ૫૦૦૦ બોરીની ધુમ આવક...

ખેડુતોને પોષણક્ષમ ઉંચામાં ઉંચા ભાવ મળતા ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી

ભિલોડા,તા.૦૫

શિયાળાની સિઝન દરમિયાન ઠંડી પ્રમાણ એકંદરે સારૂ રહેતા આ વર્ષે ધઉં મબલખ ઉત્પાદન થયેલ છે.અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના વિશાળ પરિસરમાં ખેડુતો ધઉં સહિત વિવિધ ખેત પેદાશોના વેચાણ અર્થે આવતા માર્કેટિંગ

યાર્ડમાં વહેલી સવાર થી જ વાહનોની લાંબી-લાંબી કતારો જોવા મળી હતી. ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ,ચેરમેન નિલમકુંવરબા હિતેન્દ્રસિંહ સિસોદિયા,વા.ચેરમેન,સેક્રેટરી સહિત સ્ટાફની સીધી દેખરેખ હેઠળ ખેડુતોને ધઉં સહિત વિવિધ ખેત પેદાશોના પોષણક્ષમ ઉંચા માં ઉંચા ભાવ ખેત પેદાશની ગુણવત્તા પર હરાજી દરમિયાન વેપારીઓ ધ્વારા મળતા ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી છે. ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં ધઉંની સરેરાશ ૫૦૦૦ બોરીની આવક નોંધાઈ છે.ધઉંનો હરાજી દરમિયાન ખેડુતોને ક્વોલીટી પ્રમાણે રૂ. ૪૪૦ થી રૂ. ૬૦૦ સુધી નો સરેરાશ પોષણક્ષમ ભાવ મળતા ખેડુતોમાં અત્ર-તત્ર-સર્વત્ર ખુશીની લહેર પ્રસરી છે.

જન્મદિને વધામણી

અર્થ સુરેશકુમાર પટેલ
ધનસુરા જીલ્લો અરવલ્લી

દિલીપભાઈ પટેલ
સહજાનંદ સોસાયટી
બાયડ જીલ્લો અરવલ્લી

મોન્ટુ કિરીટભાઈ પટેલ
આકરુંદ તા.ધનસુરા
જીલ્લો અરવલ્લી

ચિરાગભાઈ જયંતીભાઈ પટેલ
બાયડ ગામ જીલ્લો
અરવલ્લી